# **પ્રેસ રીલીઝ**

આણંદ ગુજરાત, તારીખ: **06** માર્ચ **2021**

## પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારોની સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવવા માટે એનએચએસઆરસીએલ **21** સિલાઇ મશિનોનું વિતરણ કરે છે

## ‘બૃધી’ નામનું સ્વયં-મદદ જૂથ તેઓને આવક નિર્માણ કરવા મદદ કરવા રજીસ્ટર કરવામાં આવ્યું

**વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વીએમકેએસ)** (નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડની છત્રછાંયા હેઠળની સ્ત્રીઓની સંસ્થા) દ્વારા આજે ગુજરાતમાં આણંદ જીલ્લામાં પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારોની સ્ત્રીઓને 21 સિલાઇ મશિનો વિતરીત કરવામાં આવ્યા છે.

પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટેનાં આવક પુનઃસ્થાપન પ્રોગ્રામ અંતર્ગત, ગ્રામિણ સ્વ રોજગાર તાલિમ સંસ્થાઓ (આરએસઇટીઆઇ) મારફ્ત નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આણંદ જીલ્લાનાં બોરિયાવી અને સમરખા ગામની સ્ત્રીઓ માટે એક મહિનાનો, મફ્ત ‘સિવણ અને દરજીકામ’ તાલિમ પ્રોગ્રામ આયોજીત કર્યો હતો. આ કોર્સની રચના સ્ત્રીઓમાં કૌશલ્યોનું વર્ધન કરવા માટે અને તેઓને આવકનું નિર્માણ કરવા સક્ષમ બનાવી અન આત્મનિર્ભર બનાવવા માટે કરવામાં આવી રહી છે.

આ સ્ત્રીઓન આવકનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે, દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ અર્બલ લાઇવલિહૂડ્સ મિશન (ડીએવાય-એનયુએલએમ) અંતર્ગત **બૃધી** (બુલટ રૂરલ એન્ડ અર્બન ડેવલપમેન્ટ બાય હોલિસ્ટિક એન્ટરપ્રોન્યુરલ એજ્યુકેશન) નામનું એક સ્વ-મદદ ગ્રુપ પણ આણંદ જીલ્લામાં રજીસ્ટર કરવામાં આવ્યું છે.

એનએચએસઆરસીએલ દ્વારા **પ્રોજેક્ટથી પ્રભાવિત થયેલા પરિવારો માટે બાંધકામ કૌશલ્ય તાલિમ સંસ્થા (સીએસટીઆઇ)** સાથે સહયોગમાં બાંધકામ સંબંધિત તાલિમ પ્રોગ્રામો પણ યોજવામાં આવી રહ્યા છે. 34 કરતા વધારે તાલિમાર્થીઓ સીએસટીઆઇમાં બાંધકામ સંબંધિત તાલિમમાંથી પસાર થઇ રહ્યા છે અને તેઓનાં કૌશલ્યો અને નોકરીની યોગ્યતાઓ વધારી રહ્યા છે.

Event was attended by MD/NHSRCL Shri Achal Khare, President/Vegshakti Mahila Kalyan Sangathan (VMKS) Smt. Sarita Khare, Land Acquition officer – Anand District, CPM/NHSRCL/Vadodara

આ પ્રસંગે વક્તવ્ય આપતા, એનએચએસઆરસીએલનાં મેનેજીંગ ડાયરેક્ટર શ્રી અચલ ખરેએ કહ્યું હતું કે, “એનએચએસઆરસીએલની જમીનની અધિગ્રહણની પ્રક્રિયા માત્ર વળતર, આર એન્ડ આર સહાયતા વગેરે પૂરતી મર્યાદિત નથી, પરંતુ પ્રોજેક્ટથી પ્રભાવિત થતા લોકો માટે કૌશલ્ય વિકાસ, આવક પુનઃસ્થાપન માટે

તાલિમ સુધારણા અને રોજગારીનાં પુનઃસ્થાપનનો વિકાસ અને આવક નિર્માણની તકોનો પણ સમાવેશ કરે છે. પ્રોજેક્ટથી અસરગ્રસ્ત થતા લોકો ઉપલબ્ધ વિકલ્પોથી સારી રીતે સૂચિત હોય અને ભાગ લેવા માટેની પર્યાપ્ત તકો આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે વ્યાપક જોડાણો હાથ ધરવામાં આવી રહ્યા છે."

મુંબઇ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ પ્રોજેક્ટનાં 300 કરતા વધારે પ્રોજેક્ટથી પ્રભાવિત લોકોને (ગુજરાતમાંથી 269 પ્રોજેક્ટથી પ્રભાવિત લોકો) આવક પુનઃસ્થાપન પ્લાન અંતર્ગત આ તાલિમ પ્રોગ્રામોથી લાભો મળ્યા છે અને 100 કરતા વધારે લોકોને નોકરી પર રાખી લેવામાં આવ્યા છે અથવા તો તેઓનો પોતાનો બિઝનેસ શરૂ કર્યો છે.

બાંધકામ કૌશલ્યો, હોટેલ મેનેજમેન્ટ, પાયથોનનો ઉપયોગ કરતા ડેટા એનેલિટિક્સ, મોબાઇલ રીપેરિંગ, બાઇક રીપેરિંગ, ઇલેક્ટ્રિશિયન વગેરે સહિત મોટી સંખ્યામાં તેનાં જેવા તાલિમ પ્રોગ્રામો એમએએચએસઆર કોરિડોરમાં વિવિધ ગામોમાં હાથ ધરવામાં આવી રહ્યા છે કોરિડોરમાં વિવિધ જીલ્લાઓમાં તાલિમ સંસ્થાઓ અને તાલિમ પ્રોગ્રામોની યાદી, આ તાલિમોમાં ભાગ લેવા માટેની અરજી પત્રકો અને જવાબદાર એનએચએસઆરસીએલ અધિકારીઓની સંપર્કની વિગતો અમારી આ અધિકૃત વેબસાઇટ પર ઉપલબ્ધ છે: www.nhsrcl.in.

**વધારાની માહિતી:**

સંસ્થાનાં મહિલા અધિકારીઓ અને એનએચએસઆરસીએલમાં કામ કરતા અધિકારીઓનાં પત્નિઓની બનેલી અને નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ) ની છત્રછાંયા હેઠળ રજીસ્ટર કરવામાં આવેલી વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વીએમકેએસ) દ્વારા આઇઆઇટીજીએનની બે પસંદ થયેલી સ્ત્રી વિદ્યાર્થીનીઓમાંથી દરેકને તેઓનાં બીટેકનાં અભ્યાસનાં તમામ ચાર વર્ષો માટે રૂપિયા 75,000/- ની શિષ્યવૃત્તિ પ્રદાન કરી છે.

આરએસઇટી એ ગ્રામિણ સ્વ રોજગાર તાલિમ આપતી સંસ્થાઓ છે, તે ઉદ્યોગસાહસિકતા વિકસાવવા ગ્રામિણ યુવાઓને તાલિમ આપવા અને કૌશલ્ય વધારવા માટે દેશનાં દરેક જીલ્લામાં સમર્પિત આંતરમાળખુ ધરાવતી ગ્રામિણ વિકાસ મંત્રાલયની એક પહેલ છે. આરએસઇટીનું વ્યવસ્થાપન ભારત સરકાર અને રાજ્ય સરકારોનાં સક્રિય સહયોગ સાથે બેંકો દ્વારા કરવામાં આવે છે.

**સુષ્મા ગૌર**
**પ્રવક્તા/**
**એડિશનલ જનરલ મેનેજર (કોર્પ કમિટી)**
**એનએચએસઆરસીએલ**
**ફોન 9810296813**